# જાહેરનામું

**પોલીસ કમિશનર,અમદાવાદ શહેરના હુકમ ક્રમાંક : ગ/ઉપક/ટ્રાફિક/૨૯/૨૦૨૪, તા.૭/૧૧/૨૦૨૪**

ભારત સરકાર અને ગુજરાત સરકારના સહયોગથી હાલના મહાત્મા ગાંધી સાબરમતી આશ્રમને રીસ્ટોર અને રી-ડેવલપમેન્ટ કરવાનું નક્કી કરવામાં આવેલ છે. આ માટે મહાત્મા ગાંધી સાબરમતી આશ્રમ મેમોરીયલ ટ્રસ્ટની રચના કરવામાં આવેલ છે. જે ટ્રસ્ટની રચના માટે કન્સલ્ટન્ટની નિમણૂંક કરવામાં આવેલ છે. પ્રોજેક્ટના કન્સલ્ટન્ટ દ્વારા હાલ મહાત્મા ગાંધી સાબરમતી આશ્રમ જે બે ભાગમાં વહેંચાયેલ છે તેને એકત્રિત કરી પ્લાન બનાવવામાં આવેલ છે. આ પ્રોજેક્ટના આયોજનના ભાગરૂપે હાલ સુભાષબ્રીજ સર્કલથી વાડજ સ્મશાન તરફ જતા આશ્રમ રોડ પૈકી બત્રીસી ભવન થી કાર્ગો મોટર્સ ત્રણ રસ્તા સુધીનો અંદાજિત ૮૦૦-મીટરનો જતો-આવતો માર્ગ કાયમી ધોરણે વાહન વ્યવહારની અવર-જવર માટે બંધ કરવાનો થાય છે.

**હુકમ :-**

આથી હું, અજયકુમાર ચૌધરી, IPS, ઇ/ચા.પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, મને મળેલ ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની પેટા કલમ ૩૩ (૧) (બી) (સી) ની સત્તા અન્વયે સુભાષબ્રીજ સર્કલથી વાડજ સ્મશાન તરફ જતા આશ્રમ રોડ પૈકી બત્રીસી ભવન થી કાર્ગો મોટર્સ ત્રણ રસ્તા સુધીનો જતો-આવતો માર્ગ નીચે મુજબની વિગતે વાહન વ્યવહારની અવર-જવર માટે કાયમી ધોરણે પ્રતિબંધિત ફરમાવવા માટે હુકમ કરુ છું.

| અનં. | વાહનોની અવર-જવર માટે પ્રતિબંધિત માર્ગ | વૈકલ્પિક માર્ગની વિગત |
|---|---|---|
| ૧. | સુભાષબ્રીજ સર્કલથી મહાત્મા ગાંધી સાબરમતી આશ્રમ રોડ ઉપર આવેલ બત્રીસી ભવન થી કાર્ગો મોટર્સ ત્રણ રસ્તા તરફનો જતો-આવતો માર્ગ વાહનોની અવર જવર માટે પ્રતિબંધીત રહેશે. | **૧.** સુભાષબ્રીજથી વાડજ તરફ જવા-આવવા માટે સુભાષબ્રીજ સર્કલથી પ્રબોધ રાવલ સર્કલ થઇ સીધા રાણીપ બસ સ્ટેન્ડ ટી થી ડાબી બાજુ વળી નવા બનેલ માર્ગ થઇ કાર્ગો મોટર્સ થઇ સાબરમતી રીવરફ્રન્ટ માર્ગ (પશ્ચિમ) તથા વાડજ તરફ અવર-જવર કરી શકાશે.<br>**૨.** સુભાષબ્રીજ સર્કલથી પ્રબોધરાવલ સર્કલથી ડાબી બાજુ વળી પલક ત્રણ રસ્તા ટી થી ડાબી બાજુ વળી વાડજ સર્કલ તરફ અવર-જવર કરી શકાશે. |

**અપવાદ :** મહાત્મા ગાંધી સાબરમતી આશ્રમની આસપાસ રહેતા સ્થાનીક રહેવાસીઓ તથા આશ્રમની મુલાકાતે આવતા મુલાકાતીઓ સુભાષબ્રીજ થી આશ્રમ તરફ અવર-જવર કરી શકશે.

**-: જાહેરનામાની અમલવારીની વિગત :-**

આ જાહેરનામાનો અમલ ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ-૩૩ ની જોગવાઇ હેઠળ મહત્તમ સમયમર્યાદાને આધિન રહીને **તા.૯/૧૧/૨૦૨૪ ના રાત્રી કલાક ૦૦.૦૦ થી** કરવાનો રહેશે.

આ જાહેરનામાના આદેશોનું ઉલ્લંઘન કરનાર ઇસમ ભારતીય ન્યાય સંહીતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ અને ગુજરાત પોલીસ અધિનિયમ કલમ ૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતાં ખાસ/સંયુક્ત/અધિક પોલીસ કમિશનરશ્રીના દરજ્જાથી પોલીસ કોન્સ્ટેબલ સુધીનો હોદ્દો ધરાવનાર તમામ પોલીસ અધિકારીશ્રી/કર્મચારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે ભારતીય ન્યાય સંહીતા (BNS) ૨૦૨૩ ની

કલમ-૨૨૩ તથા ગુજરાત પોલીસ અધિનિયમ કલમ-૧૩૧ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા.૭/૧૧/૨૦૨૪ એ મેં મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

તા.૭/૧૧/૨૦૨૪
અમદાવાદ શહેર

( અજયકુમાર ચૌધરી )
ઇ/ચા.પોલીસ કમિશનર
અમદાવાદ શહેર

**નકલ સવિનય રવાના :**

(૧) અગ્ર સચિવશ્રી,ગુજરાત રાજય,ગાંધીનગર, ગુજરાત સરકાર
(૨) અધિક મુખ્ય સચિવશ્રી, ગુજરાત રાજય, ગૃહ વિભાગ, ગાંધીનગર
(૩) પોલીસ મહાનિદેશક અને મુ.પો.અધિ.શ્રી, ગુ.રા.ગાંધીનગર
(૪) અધિક પો.મહાનિદેશકશ્રી (ઈન્ટે.) ગુ.રા.ગાંધીનગર
(૫) પોલીસ કમિશ્નરશ્રી, સુરત,વડોદરા,રાજકોટ શહેર
(૬) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી,અ.મ્યુ.કો., અમદાવાદ શહેર
(૭) નાયબ મ્યુનિસિપલ કમિશ્નરશ્રી,દાણાપીઠ,અમદાવાદ શહેર
(૮) કલેકટરશ્રી,અમદાવાદ શહેર
(૯) નિયામકશ્રી,માહીતી ખાતું,ગુ.રા.ગાંધીનગર
(૧૦) સંયુકત માહીતી નિયામકશ્રી, બેરેક નં-૦૩,આંબાવાડી પોલીટિકનીક,અમદાવાદ શહેર
(૧૧) રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, ગુ.રા.ગાંધીનગર
(૧૨) રજીસ્ટ્રારશ્રી, સીટી સિવિલ અને સેશન્સ કોર્ટ, અમદાવાદ શહેર
(૧૩) રજીસ્ટ્રારશ્રી, સેશન્સ કોર્ત, અમદાવાદ (ગ્રામ્ય), મીરઝાપુર, અમદાવાદ
(૧૪) ચીફ મેટ્રોપોલીટિન મેજીસ્ટ્રેટશ્રી, અમદાવાદ શહેર
(૧૫) મુખ્ય સરકારી વકીલશ્રી, સીટી સેશન્સ કોર્ટ, ભદ્ર, અમદાવાદ શહેર
(૧૬) સંયુકત/અધિક પોલીસ કમિશ્નરશ્રી,વિશેષ શાખા, સેકટર-૧,સેકટર-૨,મુખ્ય મથક,ટ્રાફિક,ક્રાઈમ બ્રાન્ચ ,અમદાવાદ શહેર
(૧૭) મેનેજરશ્રી, ગર્વમેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ વડોદરા તરફ ગેઝેટ ભાગ-૦૧ માં પ્રસિદ્ધ કરવા સારૂં. ( E-mail : gogpress-vad@gujarat.gov.in )
(૧૮) તમામ નાયબ પોલીસ કમિશ્નરશ્રીઓ,અમદાવાદ શહેર
(૧૯) નાયબ પોલીસ કમિશ્નરશ્રી (ઈન્ટે.) અમદાવાદ શહેર
(૨૦) તમામ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રીઓ,અમદાવાદ શહેર
(૨૧) જનસંપર્ક અધિકારીશ્રી, (સ્થાનિક વર્તમાનપત્રો તેમજ આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર ઉપરથી જાહેરાત કરવા સારુ)
(૨૨) તમામ પો.ઈન્સ.શ્રીઓ, અમદાવાદ શહેર (જાહેર જગ્યાઓએ નકલો ચોંટાડી લાઉડ સ્પીકર વાહન દ્વારા જાહેરાત કરાવવા સારૂં)
(૨૩) પો.ઈન્સ.શ્રી, રેલ્વે એસ.ઓ.જી, કાલુપુર રેલ્વે સ્ટેશન, અમદાવાદ શહેર
(૨૪) પો.ઈન્સ.શ્રી, અમદાવાદ રેલ્વે સ્ટેશન.
(૨૫) પો.ઈન્સ.શ્રી, સાબરમતી રેલ્વે સ્ટેશન.
(૨૬) પો.ઈન્સ.શ્રી, કોમ્પ્યુટર શાખા,પોલીસ કમિશ્નરશ્રીની કચેરી (C.P Ahmedabad website ઉપર પ્રસિદ્ધ કરવા સારૂં
(૨૭) મ.પો.કમિ.શ્રી સાયબર ક્રાઈમ, અમદાવાદ શહેર પોલીસના તમામ Social Media પ્લેટફોર્મ પર પ્રસિદ્ધ કરવા સારૂં.